**:: આરોપીની કબુલાત નીચે હુકમ ::**

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહી. કલમ–૬૫એએ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હા કબુલવા કરવા બાબતે પુછતા આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૨) આરોપી સામે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૫એએ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે સદર કામે મુદ્દામાલની માત્રાને ધ્યાને લેવામાં આવે તો ૨૦ લીટરથી ઓછી છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરજીભાઈ ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછા માં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. વધુમાં ગુના સમયે આરોપી નાની ઉંમરનો હોવાનું જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને પ્રોહી. ધારાની કલમ ૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/– અંકે રૂપિયા પાંચસો પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો ગુન્હામાં દિન–૦૫ લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દેશી દારૂનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૧૨.૧૧.૨૦૨૨
ઓખામંડળ

(કપિલ રાજમણી યાદવ)
જ્યુડી.મેજી.ફ.ક.
ઓખામંડળ

**<u>:: આરોપીની કબુલાત નીચે હુકમ ::</u>**

(૧) ફરિયાદપક્ષના કેસની તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહી. કલમ–૬૫એએ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ અને આરોપી હાજર થતાં પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કરી પ્લી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હા કબુલવા કરવા બાબતે પુછતા આરોપીએ સ્વૈચ્છિક રીતે રાજીખુશીથી ગુન્હાની કબુલાત કરેલ તેમજ અલગ કબુલાત પુરસીસ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતા અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતાં હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવી.

(૨) આરોપી સામે બોમ્બે પ્રોહી. ધારાની કલમ–૬૫એએ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે સદર કામે મુદ્દામાલની માત્રાને ધ્યાને લેવામાં આવે તો ૨૦ લીટરથી ઓછી છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧), જી.એલ.આર., ૭૦૯, સ્ટેટઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરજીભાઈ ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછા માં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. વધુમાં ગુના સમયે આરોપી નાની ઉંમરનો હોવાનું જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ છે, તે સંજોગોમાં ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત માની કાયદાએ સૂચવેલ ન્યૂનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપીને પ્રોહી. ધારાની કલમ ૬૫એએ,૬૬(૧) બી, મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– અંકે રૂપિયા બસો પુરાનો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત ગુન્હામાં દંડ ન ભરે તો ગુન્હામાં દિન–૦૫ લેખે સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ દેશી દારૂનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા: ૧૮.૧૦.૨૦૨૨
દવારકા

(કપિલ રાજમણી યાદવ)
**ઈ/ચા** જયુડી.મેજી.ફ.ક.
દવારકા